# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જે અભ્યાસક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના કરવામાં આવેલ હોય તેવા તથા LL.M. સિવાયનાં તમામ અનુસ્નાતક(PG) તથા P.G.D.C.A.નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઇન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તા.૨૬/૦૮/૨૦૨૧થી શરૂ કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને ગત વર્ષે આપેલ યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેનું ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. આ સમયે Covid-19ની માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તમામ કોલેજ/સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા તા.૨૦/૦૯/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. (તા.૦૫/૦૮/૨૦૨૧નો ઇન્ટેક બાબતનો પરિપત્ર) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ- http://bknmuadm.icrp.in → college registration and merit

કા.કુલસચિવ

બિડાણઃ-

સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ અંગેનો તા.૦૫/૦૮/૨૦૨૧નો ઇન્ટેકનો પરિપત્ર.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૭૫૬/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૨૫/૦૮/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....
- માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ......

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.